RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલએ તાજેતરમાં સરકારી જમીન જીઆઈડીસીને જંત્રીના દરે આપવાનો લીધેલ નિર્ણયને આવકારે છે. તેમજ હાલની જુની જંત્રીનો દર યથાવતા રાખવા રજુઆત કરવામાં આવેલ છે...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અગાઉ અનેકવાર કરાયેલ રજુઆતોને ધ્યાને લઈ રાજય સરકારએ તાજેતરમાં સરકારી જમીન ઔધોગીક એકમો માટે જીઆઈડીસીને જંત્રીના દરે આપવા માટેનો લીધેલ મહત્વપુર્ણ નિર્ણયને આવકારે છે.

રાજય સરકાર દ્વારા ઔધોગીક એકમોને જમીન ફાળવણીની આ પ્રક્રિયાને વધુ સરળ બનાવી ગુજરાત ઔધોગીક નીતી-૨૦૨૦ અંતર્ગત ઉધોગ અને ખાણ વિભાગે કરેલા વર્ગીકરણ પ્રમાણે કુલ ત્રણ કેટેગરીમાં જીઆઈડીસીને સરકારી પડતર જમીન ફાળવવામાં આવશે. જે થકી MSME જગતની નાની ઈન્ડસ્ટ્રીઝને મહદઅંશે ફાયદો થશે અને ઉધોગ જગતને બુસ્ટ મળશે. તેમજ ગુજરાત ખરા અર્થમાં ઉધોગનું હબ બન્યું છે ત્યારે આવનારા દિવસોમાં ગુજરાત રાજયનાં વિકાસમાં વધારાનું એક છોગું ઉમેરાશે.

આના અનુસંધાને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સમક્ષ સવિશેષ રજુઆત કરેલ છે કે, હાલમાં રાજય સરકાર દ્વારા જંત્રીના ભાવમાં જે સુચિત વધારો કરેલ છે. તેનો અલમ હજુ સુધી થયેલ નથી. તો રાજય સરકારએ લીધેલા આ નિર્ણયને હાલની જુની જંત્રીના દરોને માન્ય રાખી ગણવા અરજ કરવામાં આવેલ છે. જો જંત્રીનો ભાવ ફેર કરવામાં આવે તો સરકારશ્રીને અમારી માંગણી એ છે કે જીઆઈડીસીને જે જગ્યા ફાળવવામાં આવેલી છે તે જગ્યાનો ભાવ જુની જંત્રી પ્રમાણે કરવો. જેથી કરીને ઉધોગકારોને ખરા અર્થમાં ફાયદો થાય અને વેગ મળે. કારણ કે, જીઆઈડીસી જ MSME ઉધોગકારોને બુસ્ટ આપી શકે તેમ હોય જીઆઈડીસીઓ માટે સરકાશ્રીએ લીધેલ આ નિર્ણય એ હાલની પરિસ્િથતિ પ્રમાણે યોગ્ય છે. તેથી જંત્રીનો જુનો ભાવ યથાવત રાખવો.

વધુમાં રાજય સરકાર દ્વારા ગેરકાયદેસર રહેણાંક બાંધકામોને ઈમ્પેકટ ફી વસુલી કાયદેસર કરવા માટેની જોગવાઈ અમલમાં છે. જે અંગે સરકારશ્રીએ તાજેતરમાં જ તા.૧૬ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ ઈમ્પેકટ ફી ની સમય મર્યાદામાં ૬ માસ જેટલો વધારો કરેલ છે. તો આ સ્કીમમાં જીઆઈડીસી તેમજ પ્રાઈવેટ ઔધોગીક પાર્કોનો પણ સમાવેશ કરવા યોગ્ય કરવું. જેનાથી સરકાશ્રીને રેવન્યુની આવકમાં ખાસો એવો વધારો થશે અને નાના ઉધોગકારોને બેન્ક લોનની સગવડતા મળશે. જેથી નાના ઉધોગકાર બચી શકશે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.